**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૭ જૂન, ૨૦૦૯)**

**(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫)** **સત્સંગ પ્રવેશ - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

## વિભાગ-૧ : કિશોર સત્સંગ પ્રવેશ - દસમી આવૃત્તિ, જુલાઈ - ૨૦૦૭

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આપ ખાવંદ ધણી, આપના ખોળામાં મને બેસવા મળ્યું એ જ મારે મન પરચો.'' (૧૩)
૨. ''મહારાજ તમને કેમ તેડી જતા નથી.'' (૨૮)
૩. ''કેમ, પટેલ સુખી છે ને ?'' (૨૩)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. શ્રીકૃષ્ણએ ગોવર્ધનની પૂજા શરૂ કરાવી. (૩૯)
૨. મહારાજે કાશીદાસને કોલ આપ્યો. (૩૧)
૩. ગોલિડા ગામના સીમાડામાં જમ બળવા લાગ્યા. (૫૪)

**પ્ર.૩** ''સચ્ચિદાનંદ સ્વામી'' (૫૭) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. પ્રભાશંકરે શ્રીજીમહારાજનો પત્ર વાંચી સગાંવહાલાંને શું કહ્યું ? (૫૬-૫૭)
૨. શ્રીજીમહારાજે માનની મૂર્તિ કોને કહ્યા ? (૬૩)
૩. સર્વ શાસ્ત્રમાં અહિંસા માટે શું કહ્યું છે ? (૫)
૪. આત્માનંદ સ્વામી સંપ્રદાયમાં બીજા કયાં બે નામથી ઓળખાતા ? (૨૬)
૫. લાધીબાઈને કોની મૂર્તિમાં શ્રીજીમહારાજનાં દર્શન થયાં ? (૩૩)

**પ્ર.૫ માંગ્યા મુજબ વર્ણન કરો.** [૫]

વચનામૃત ગઢડા પ્રથમ - ૬ (૫૫) **નું નિરૂપણ લખો.**

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. નિર્વિકલ્પ ઉત્તમ ...... ધર્મકુમાર. (૧૯)
૨. બાળચરિત્રો કરી ...... સ્વરૂપ સમજાવતા. (૭૧)
૩. श्रद्धावाँल्लभते ...... गच्छति ॥ (૬૧)
૪. विनाशकं ...... नमामि ॥ શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો. (૧૯)

## વિભાગ-૨ : શાસ્ત્રીજી મહારાજ - અગિયારમી આવૃત્તિ, માર્ચ - ૨૦૦૭

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આપણા દ્વારા શ્રીજીમહારાજને હજુ વધુ કામ કરાવવું હશે અને નિષ્ઠા પ્રવર્તાવવી હશે.'' (૭૩)
૨. ''તેમને આશીર્વાદ આપો કે તમારા જેવા ગુણ તેમનામાં આવે.'' (૯૦)
૩. ''આ મેઘપતિ ઈન્દ્ર આવ્યા છે.'' (૮૧)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. કોઠારી ગોરધનભાઈએ સ્વામીશ્રીને બધું ઓછું કરવાની વાત કરી. (૪૩)
૨. ભગતજી રાજી થઈને બોલ્યા, 'ઓત્તારો ભલો થાય યજ્ઞપુરુષદાસ !' (૨૫)
૩. વિજ્ઞાનાનંદ સ્વામી નિવૃત્ત થઈ ગયા. (૧૮)

**પ્ર.૯** ''અભયદાન આપવાની આજ્ઞા'' (૩૬) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. સારંગપુરમાં કથાપ્રસંગે બાપુભાએ સ્વામીશ્રીને શું પૂછ્યું ? (૭૬)
૨. ગોંડળ જતાં યોગી સ્વામીને સ્વામીશ્રીએ શું કહ્યું ? (૯૧-૯૨)
૩. કાતિલ ઝેરની અસર ઓછી કરવા હરિભક્તોએ શું કર્યું ? (૫૦)
૪. ભાઈલાલભાઈએ કઈ યોજના તૈયાર કરી હતી ? (૮૪)
૫. દોલતરામના જીવમાં કઈ વાત ઠસી ગઈ ? (૬૭)

**(પાછળ જુઓ)**

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | | મહિનો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | | | | | | | | |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ગોંડળ મંદિર બાંધકામ માટે મહારાજાએ મૂકેલી શરતો. (૭૭)

(૧) ☐ એ સ્થાને અક્ષર દેરી કાયમ રાખવી (૨) ☐ ત્રણ વર્ષમાં મંદિર પૂરું કરવું

(૩) ☐ મંદિર સામે મોટો દરવાજો કરવો (૪) ☐ વીસ લાખ રૂપિયા ખર્ચવા

૨. શાસ્ત્રીજી મહારાજના હરિભક્તો (૬૦, ૭૫, ૮૧, ૮૩)

(૧) ☐ હીરામુખી (૨) ☐ અટલાદરાના મથુરભાઈ

(૩) ☐ ચંપકભાઈ બેંકર (૪) ☐ કુબેરભાઈ

૩. અક્ષરપુરુષોત્તમ ઉપાસના પ્રવર્તન માટે કયા કયા સંતોએ સ્વામીશ્રીને પ્રેરણા આપી ? (૩૯)

(૧) ☐ કેશવજીવનદાસજી (૨) ☐ ભક્તિજીવનદાસજી

(૩) ☐ બાળમુકુંદદાસજી (૪) ☐ જાગા ભક્ત

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સદ્‌ગુરુની શોધમાં :** વડતાલમાં પાર્ષદોનો પરિચય કરતાં કરતાં મોરલીધરદાસ પુરાણીના આસને ઝીણાભાઈને પુરાણીના દર્શન કરી, તેમના વચનામૃત સાંભળી મનમાં શાંતિ થઈ ગઈ. (૧૧)

૨. **સારંગપુરની શોભા :** 'શ્રી બોચાસણની શોભા સજી અતિ સારી...' કીર્તન આશાભાઈએ બનાવ્યું છે. (૬૩)

૩. **અભયદાન આપવાની આજ્ઞા :** ગોરધનદાસ કોઠારીએ સ્વામીશ્રીને વડતાલ મંદિરનો વહીવટ સોંપ્યો ને તેમની મદદમાં ભીમજી કોઠારીને મૂક્યા. (૩૬)

૪. **જાગા ભક્તના આશીર્વાદ :** સ્વામીશ્રીએ અટલાદરામાં જેઠાભાઈ કોઠારીને એકાંતમાં બેસાડી જાગાભક્તનો અપાર મહિમા સમજાવ્યો. (૩૨)

૫. **દિવ્ય સમાધિ :** સૌ પ્રથમ સમાધિ આચાર્ય ભગવત્પ્રસાદને, શ્રીપુરના મંદિરમાં ઘનશ્યામ મહારાજની મૂર્તિનાં દર્શન કરતાં થઈ. (૭૬)

૬. **સુવર્ણ જયંતી :** સ્વામીશ્રીની ૮૦મી જન્મજયંતી અટલાદરા મુકામે ઉજવવામાં આવી જેમાં તેઓની સુવર્ણતુલા કરી. (૮૬)

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ જુલાઈ, ૨૦૦૯ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો.**

❉ ❉ ❉